મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૨ ટકા

ગાંધીનગર તાપમાન

દેવોના દેવ મહાદેવ હોવા છતાં એક સાચા હૃદયથી કરેલી પૂજા માત્રથી પ્રસન્ન થઈ શકે તેવા ભોળાનાથની આમ તો બારે માસ પૂજા કરી શકાય છે પરંતુ શ્રાવણ માસનો મહિમા અનેરો છે. અને એમાં પણ શ્રાવણીયો સોમવાર એટલે જાણે શિવજીનો વાર. શિવકૃપાથી જન્મોજન્મના પાપોનો ક્ષણમાં નાશ થાય છે તેવી ભાવિકોને શ્રધ્ધા હોય છે તેથી શ્રધ્ધાળુઓ ભોળાનાથને રીઝવવા પોતપોતાની આગવી અને વિભિન્ન રીતોથી પ્રયાસ કરે છે. શહેરના શિવાલયોમાં પણ શ્રાવણીયા સોમવારની મહત્તાને અનુલક્ષીને શિવાલય તથા શિવલિંગને અનેરા શણગારથી સજાવવામાં આવે છે. કયાંક ઘીના શિવજી બનાવાય છે તો કયાંક બરફનું શિવલિંગ, કયાંક ફુલોની રંગોળી સજાવાય છે તો કયાંક રોશનીની ઝાકમઝોળ કરાય છે. ગાંધીનગરના શિવાલોયમાં શ્રાવણના સોમવારે શ્રધ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં ભોળાનાથના દર્શનાર્થે ઉમટી પડે છે અને પૂજા અર્ચના અને અભિષેક કરે છે.

ગાંધીનગરમાં પશુ ચોરતી ટોળકી સક્રિય

પીંપળજ ગામના ખેતરમાંથી ૩ પશુઓની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ઘરફોડ, વાહનચોર, સહિતના કિસ્સા બનતા રહે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ચોર ઈસમો શહેરી વિસ્તારને ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે હવે પશુ ચોરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પેથાપુર નજીક આવેલા પીંપળજ ગામેથી બે પાડી અને એક પાડો ચોરાઈ જવા પામ્યો છે. ખેડુતના અચાનક પશુ ચોરાઈ જતા ખેડુતના પરિવારમાં દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે. ખેડુતે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખુલ્લા ખેતરમાં બાંધેલા પશુઓ રાત્રી દરમિયાન ચોરી જવાના તથા ઘર આંગણેથી પશુઓને ઉઠાવી જવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામની સીમમાંથી બે પાડી તથા એક પાડો ચોરાઈ જવાની ફરિયાદ પેથાપુર પોલીસ મથકે નોંધાઈ છે. ગાંધીનગર મહુડી હાઈ-વેની સાઈડમાં પીંપળજ ગામની સીમમાં બોરી બાપુપુરા વિસ્તારમાં જમીન ખેડુત મહેન્દ્રભાઈ ભીખાજી ઠાકોરની ફરિયાદ પ્રમાણે ગત્ તા.૨૫ મીની સાંજે ખેતરેથી કામ પૂર્ણ કરીને ઘરે ગયા હતા. ખેતરે બે દુધાળી ભેંસ, બે પાડી, તથા એક પાડો બાંધ્યા હતા. બીજા દિવસે સવારે ૬ વાગે ખેતરે પહોંચ્યા હતા. તો બે પાડી તથા એક પાડો ખીલેથી છોડીને કોઈ ચોરી ગયું હતું. આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા કોઈ જ પત્તો ન લાગતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોતાના પશુઓ ચોરાઈ જતા ખેડુતના માથે આભ તુટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

હેન્ડબોલની રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં સાઈ ગાંધીનગરની ગર્લ્સ ટીમો વિજેતા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હેન્ડબૉલની સબ જુનિયર અને જુનિયર બંને કેટેગરીની ગર્લ્સ ટીમોએ ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ ચેમ્પિયનશીપ ટૂર્નામેન્ટ જીતી ગોલ્ડમેડલ હાંસલ કર્યા છે. આ ટૂર્નામેન્ટ તાજેતરમાં ગાંધીનગરના સે-૧૫માં સાઈ નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે યોજાઈ હતી.

હેન્ડબૉલ તથા કબડ્ડીની રમતમાં સાઈ ગાંધીનગરના ખેલાડીઓ હંમેશા અગ્રેસર રહ્યા છે. ગાંધીનગર સાઈની હેન્ડબૉલની ગર્લ્સ ટીમોએ ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું છે. ઑલ ઈન્ડિયા ઈન્ટર સાઈ ચેમ્પિયનશીપની હેન્ડબૉલ ટૂર્નામેન્ટની સબ જુનિયર અને જુનિયર કેટેગરીની બંને ગર્લ્સ ટીમોએ પ્રથમ ક્રમે વિજેતા પદ હાંસલ કરી ગોલ્ડ મેડલ જીત્યો છે. સબ જુનિયર ટીમે ચંદીગઢને ૨૫-૦૯ અને કોલકાતાને ૧૬-૦૭થી પરાજય આપ્યો હતો જયારે જુનિયર ટીમે ચંદીગઢને ૨૯-૧૬થી, બેંગ્લુરુને ૨૬-૧૦થી કોલકાતાને ૩૪-૧૧થી કેરળને ૩૪-૧૧થી અને લખનૌને ૨૪-૧૭થી પરાજય આપી સ્પર્ધા જીતી હતી. બંને ટીમને સાઈ ટ્રેનિંગ સેન્ટરના ઈન્ચાર્જ જયવીર શર્મા, કોચીઝ શશિમોહન ધુમાલ, સુરેન્દ્ર દહિયા તથા સુધાકર આચાર્ય એ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

આપણી ભારતીય સંસ્કૃતિ વિદેશોમાં પણ પ્રખ્યાત છે જ સાથે આપણા તહેવારો પણ વિદેશીઓ એટલા જ હર્ષોલ્લાસથી ઊજવે છે. ગાંધીનગરમાં એએફએસ દ્વારા સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત બે વિદેશી વિદ્યાર્થીઓ આપણા મહેમાન બન્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત **M. B.** પટેલ ઈંગ્લિશ મીડિયમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાપાનના **Eppo Sogva** અને તુર્કી ના **Kaan Cicigan** એ રાખડી બંધાવી રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો.

પેન્શનર્સ સમાજની મૌન રેલીને જાગૃત નાગરિક પરિષદનો ટેકો

ગાંધીનગરની જાગૃત નાગરિક પરિષદ આગામી દિવસોમાં પેન્શનર્સ સમાજના પડતર પ્રશ્નોનો સંદર્ભે આયોજીત મૌન રેલીમાં જોડાશે. રાજય સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી પેન્શનરો તથા કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવામાં વિલંબ કરાઈ રહ્યો છે. આ સંદર્ભે તાજેતરમાં મળેલી જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં પેન્શનર્સ સમાજના પડતર પ્રશ્નોનો ઉકેલ ઝડપથી આવે તેવી માંગણી સાથે મૌન રેલી યોજવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી. આ દરખાસ્ત સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્ર દવે દ્વારા કરાઈ હતી જેને મહામંત્રી નિરંજન ઓઝાએ ટેકો આપતા મૌન રેલીના આયોજનનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. મૌન રેલીમાં સંસ્થાના તમામ સભ્યોને જોડાવા હોદ્દેદારોએ અનુરોધ કર્યો છે.

યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા ટ્રેકિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા અનેક પ્રકારના ટ્રેકિંગ કાર્યક્રમો યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ચોટીલા પાસે આવેલા ખૂબ જ રમણીય સ્થળ 'આનંદપુર વીડી' ખાતે તા. ૮ અને ૯ સપ્ટેમ્બર દરમિયાન એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થળ વરસાદ બાદ ચોમેર હરિયાલા ઘાસથી લીલુંછમ્મ થઈ જાય છે. નાની ટેકરીઓ, વહેતા ઝરણાં અને પક્ષીઓના સતત કલરવથી આ સ્થળ અત્યંદ કુદરતી વાતાવરણ ધરાવે છે. શહેરી શોર-બકોર અને વાહનોના કોલાહલથી દૂર, અત્યંત શુધ્ધ ઓકિસજન અને સંપૂર્ણ નૈસર્ગિક માહોલ આ સ્થળની વિશેષતા છે. તારીખ ૭મી સપ્ટેમ્બર રાત્રીથી તારીખ ૯ સપ્ટેમ્બર રાત્રી, ૨૦૧૮ દરમિયાન યોજાનાર આ શિબિરમાં ભાગ લેવા માટે સંસ્થાના હોદ્દેદારોનો રજીસ્ટ્રેશન કરાવવા સંપર્ક કરી શકાશે અથવા ચૈતન્ય નિમાવત મો.નં. ૯૪૨૬૪ ૦૧૭૦૧, જે.બી. સાધુ મો.નં. ૯૮૯૮૫ ૯૦૯૭૫ અથવા પ્રિયંક પરમાર મો.નં. ૯૯૦૯૯ ૬૫૯૦૦ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

વજાપુરા ગામે વિહત માતાજીના મંદિર પાસેથી ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારની વલાદ આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ વિપુલકુમાર સ્ટાફના જવાનો સાથે આઉટ પોસ્ટની હદમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોલીસને વજાપુરા ગામે વિહત માજાજીના મંદિર પાસે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં બાબુજી.બી.ઠાકોર, શૈલેશજી ઠાકોર, જવાનજી ઠાકોર, તથા અજયજી ઠાકોર, (ચારેય રહે. વલાદ) તથા રમણજી ઠાકોર રહે વજાપુરાને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ર.૧ ૩૪૦ની રોકડ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સતત ત્રીજા વર્ષે ટૂર ઓફ અરવલ્લીઝ થકી ૩૫૦ કિમીની સાયકલ સવારીનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

સતત ત્રીજા વર્ષે સાયકલોન સાયકલીંગ કલબ દ્વારા 'ટૂર ઓફ અરવલ્લીઝ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલીંગ ઈવેન્ટમાં અરવલ્લીની ગિરીમાળાઓમાં આશરે ૩૫૦ કિમી સાયકલીંગ ટૂરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂરનો તા. ૩૦મી ઓગસ્ટે ઉદેપુરથી પ્રારંભ થશે જે ૧લી સપ્ટેમ્બરે માઉન્ટ આબુ ખાતે સમાપન પામશે.

સાયકલોન સાયકલીંગ એ અમદાવાદની નોન-પ્રોફીટ સંસ્થા છે જેના ૧૮૦૦થી વધુ સાયકલિસ્ટ સભ્યો નોંધાયેલા છે. આ સંસ્થા દ્વારા સ્વાસ્થ્ય, વ્યાયામ તથા રમત ઉપરાંત મનોરંજન સાથે પર્યાવરણના જતનના હેતુથી ગ્લોબલ વોર્મિંગ સામે લડાઈ લડવાના હેતુથી તેમજ સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળા રાષ્ટ્રના નિર્માણ માટે વિવિધ સાયકલીંગ ઈવેન્ટ યોજવામાં આવે છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ટુર ધ આબુ, બ્રેવેટ્સ રાઈડસ ઓફ ૨૦૦, ૩૦૦, ૪૦૦ અને ૬૦૦ કિમી, નાઈટ રાઈડસ, ડયુલોથોન, વ્યકિતગત ટાઈમ ટ્રાવેલ વગેરેનું આયોજન કરવામાં આવી ચુકયું છે. તેમજ છેલ્લા ત્રણ વર્ષ પૂર્વે 'ટૂર ઓફ અરવલ્લીઝ'ના આયોજનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ બે વર્ષ દરમિયાન આ ટૂરે વિદેશી સાયકલીસ્ટોને પણ આકર્ષ્યા હતા. આ ટૂર રાજસ્થાનના ઉદેપુરથી પ્રારંભ થઈ અરવલ્લી પર્વતમાળાના રળિયામણા સ્થળોએથી પસાર થતાં માઉન્ટઆબુ પહોંચશે જેમાં ૫ હજાર ફુટની ઉંચાઈ ધરાવતા સ્થળોનો સમાવેશ થાય છે.

સમર્પણ કોલેજનો વિદ્યાર્થી બેડમિન્ટનમાં ઝળકયો

ગાંધીનગરના સેકટર-૨૮ સ્થિત સમર્પણ આટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી આકાશ આલોક ગુજરાત યુનિવર્સિટીની બેડમિન્ટન સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા બનવા સાથે ઈન્ટર યુનિ.ની ટીમ ઓફ ઈન્ડિયામાં પણ પસંદગી પામ્યા છે. આકાશ આલોકને સંસ્થાના આચાર્ય ડૉ. દીપક પંડયા, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા સંસ્થાના ફિઝિકલ ઈન્સ્ટ્રકટર મહેન્દ્ર મોડિયાએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

રક્ષાબંધનનો તહેવાર નાતજાતના ભેદભાવ વગર ગાંધીનગરમાં છેલ્લા ૩૦ વર્ષથી ઉજવાતો મળે છે. હાલ સેક્ટર -૩માં સ્થાયી જીજ્ઞાબેન હસમુખભાઈ સુથાર ૩૦ વર્ષથી મુસ્લિમ ભાઈ સૈયદ શીખ કે જેઓ હાલ અમદાવાદ સેલ્સ ટેક્સ માં જોબ કરે છે તેમને પ્રત્યેક રક્ષાબંધનના દિવસે રાખડી અચૂક પણે બાંધે છે. ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન સર્વ જ્ઞાતિ ને એક તાંતણે બાંધે છે તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરમાં જોવા મળે છે.

નારદીપુર ખાતે ૮૬ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો

ગાંધીનગર જિલ્લાના નારદીપુર ખાતેની મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વિદ્યાપીઠના એનએસએસ યુનિટના ૮૬ સ્વયંસેવકનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો જે માટે એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. જશુમતીબેન પરમારનો સહયોગ સાંપડયો હતો.

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા ચિત્ર હરીફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં તા.૩-૯-૧૮ ને જન્માષ્ટમીના રોજ ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા ચિત્ર હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર હરીફાઈમાં જે વૈષ્ણવો ભાગ લેવા ઈચ્છુક હોય તેઓએ કાર્યાલયમાંથી ફોર્મ મેળવી તા. ૧ સપ્ટેમ્બર સુધીમાં પરત કરવા સમાજના ઉપપ્રમુખ રસીકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.

શહેરની સંવેદનશીલ મહિલાએ સૈનિકો માટે રાખડી એકત્ર કરી

ગાંધીનગર, તા.૨૭

સરહદ પર અત્યંત મુશ્કેલ પરિસ્થિતિઓમાં દુશ્મનો વિરુદ્ધ લડત આપનાર આપણાં ભારતીય સૈનિકો માટે ગાંધીનગરના રહેવાસી સૌ. કરુણા ચૌકેરે આ વર્ષથી 'એક બહેન-એક રાખડી' કાર્યક્રમ હેઠળ સરહદ પર તૈનાત ભારતીય સૈનિક ભાઈઓ માટે રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર રાખડી મોકલવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમને પહેલા જ વર્ષે બહુ જ સારો પ્રતિસાદ સાંપડયો છે. લગભગ ૩૫૦થી વધુ બહેનોએ આ કાર્યક્રમમાં સહભાગી થઈને રાખડી મોકવલાનો અનેરો ઉત્સાહ દાખવ્યો છે. આ ૩૫૦ રાખડીઓની મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના ખાતેના શ્રી સિધ્ધિવિનાયક મંદિરમાં વિધિવત પૂજા કરવામાં આવ્યા પછી રાખડીઓને સરહદે તૈનાત ભારતીય જવાનોને મોકલવામાં આવશે. વડોદરા નિવાસી સંજય વચ્છાવ સરના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમની આ વર્ષથી શુભ શરુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતી બાલિકાઓએ ભાઈઓના જમણા હાથ ઉપર રાખડીના પ્રતિક રૂપે રક્ષા પોટલી બાંધી કપાળે તિલક કરી મોઢું મીઠું કરાવી પૂજા અર્ચના કરી પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા હર્ષદભાઈ પટેલ તથા સ્ટાફ પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ચિરવિદાય

- સ્વ. જીવુબા કુબેરજી સોલંકી, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર પ્રહલાદજી રેવાજી, ઉ.વ. ૪૩